## વિભાગ A

**નીચે આપેલા 1થી 5 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ (A), (B), (C), (D) પસંદ કરીને ઉત્તર લખો : *[ પ્રત્યેકનો 1 ગુણ ]*** **5**

**1.** મહાન ભૂગોળવિદ કાર્લરિટર કયા દેશના હતા?

(A) ગ્રીસ (B) ઇંગ્લૅન્ડ (C) અરબસ્તાન (D) જર્મની

**2.** શનિના ઉપગ્રહનું નામ નીચેના પૈકી કયું છે?

(A) ટાઇટન (B) ચંદ્ર (C) ઍરોન (D) ટિટોન

**3.** રોબિન્સન – સોનાની ખાણ કયા દેશમાં છે?

(A) યૂ.એસ.એ. (B) રશિયા

(C) દક્ષિણ આફ્રિકા (D) દક્ષિણ કોરિયા

**4.** કયા સાધનથી ભૂકંપની તીવ્રતા માપી શકાય છે?

(A) સિસ્મોગ્રાફ (B) બેરોગ્રાફ

(C) એનિમોમિટર (D) બૅરોમિટર

**5.** મુખ્ય ભૂ-તકતીઓની સંખ્યા કેટલી છે?

(A) 7 (B) 8 (C) 9 (D) 15

## વિભાગ B

**નીચે આપેલા 6થી 10 સુધીના પ્રશ્નોના** ઉત્તર એક વાક્યમાં **આપો : [*પ્રત્યેકનો 1 ગુણ*]** **5**

6. પૃથ્વીસપાટીનાં ભૂમિસ્વરૂપો ક્યાં ક્યાં છે?

7. કયા જીવો ચુનાળું પ્રસ્તર ખડકોની રચના કરે છે?

8. સ્વ-સ્થાનીય જમીન એટલે શું?

9. ભારતમાં સ્થળવર્ણન નકશા તૈયાર કરતી સંસ્થા ક્યાં આવેલી છે?

10. ભૂપૃષ્ઠના નકશામાં કઈ બાબતો દર્શાવવામાં આવે છે?

## વિભાગ C

**નીચે આપેલા 11થી 14 સુધીના પ્રશ્નોના સંક્ષિપ્તમાં ઉત્તર આપો : *[ પ્રત્યેકના 2 ગુણ ]*** **8**

**11.** હાલની વૈશ્વિક સમસ્યાઓ કઈ કઈ છે?

**અથવા**

ભૂગોળ કયા કયા વિષયો સાથે અનુબંધ ધરાવે છે?

**12.** પાર્થિવ ગ્રહો કયા કયા છે?

**13.** પૃથ્વીની ઉત્પત્તિ સમજાવતા સિદ્ધાંતો કયા કયા છે?

**14.** સાઈમા સ્તરમાં કયાં ખનિજ તત્ત્વો આવેલાં છે?

## વિભાગ D

**નીચે આપેલા 15થી 18 સુધીના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર આપો : *[ પ્રત્યેકના 3 ગુણ ]*** **12**

**15.** 'માનવ-ભૂગોળ' પર ટૂંક નોંધ લખો.

**16.** મિશ્રાવરણ (મેન્ટલ) વિશે ટૂંક નોંધ લખો.

**17.** 'જ્વાળામુખીની સર્જનાત્મક અસરો' વર્ણવો.

**અથવા**

ભૂકંપ થવાનાં કારણો કયાં કયાં છે?

**18.** 'રૂઢ સંજ્ઞાઓ' નકશાની લઘુલિપિ છે. કારણ આપો.

## વિભાગ E

**નીચે આપેલા 19થી 22 સુધીના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપો :**

*[ પ્રત્યેકના 5 ગુણ ]* **20**

**19.** પૃથ્વીની ઉત્પત્તિ સમજાવતા ભરતીવાદની ચર્ચા કરો.

**અથવા**

પૃથ્વીની આંતરિક રચના વર્ણવો.

**20.** જ્વાળામુખીના પ્રકારો જણાવી દરેક વિશે ટૂંકી નોંધ લખો.

**21.** ભૂમિખંડો અને મહાસાગરોની વહેંચણીની લાક્ષણિકતાઓ સમજાવો.

**22.** જમીનનિર્માણ-પ્રક્રિયા સમજાવી તેનાં મુખ્ય લક્ષણો વિશે સવિસ્તર નોંધ લખો.